

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*કાપી નાખો જીભ અભિવ્યક્તિની સત્ય ડરે ભલે,*
*ધાર્મિકતાનું કરો ધતિંગ, ધૂતારા તરે ભલે!*
*માતા-પિતા છો મરે ભૂખે રક્ષા કરો 'ગૌ' માતાની -*
*પૂજ્ય 'પાશવી' વૃત્તિનું, માનવતા મરે ભલે...*
*(નસુરૂદ્દીન શાહ, સમજો)*

### હાઈકુ

*બોલ્યું છે કોણ?!*
*'નિવેદન' ની પણ -*
*હોય છે જાત!!*

*કરો જાહેર,*
*મુક્ત અભિવ્યક્તિને -*
*લ્યો ! દેશદ્રોહી...*

### ચિંતન

*દહત્યલાભે નિઃસ્વત્યં લાભે લોભો દહત્યમુમ્ ।*
*તસ્માત્સંતાપકં વિત્તં કસ્ય સૌખ્યં પ્રયચ્છતિ ॥*

**ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.**

**ધન મળે નહિ તો મનુષ્યને નિર્ધનતા બાળે છે, અને મળે તો લોભ બાળે છે, માટે ધન સંતાપ ઉપજાવનારુ જ છે, તે કોને સુખ આપે છે ? (અર્થાત કોઈને નહિ)**

**ગરીબીનું દુઃક બાળે, ધન મળે તો વધારે પામવાનો સંતાપ બાળે, લોભનું દુઃખ બાળે છે આમ ધન-પૈસો - સમૃદ્ધિ જ સંતાપ અને સર્વ પાપોનું મૂળ છે.**

**પૈસો મેળવવા આજે કેટલી બધી અનીતિ-કૌભાંડો-પાપ કરવાં પડે છે એ આપણે ક્યાં જાણતા નથી?**

### સુવિચાર

- જિંદગી કી રાહો મેં અકસર એસા હોતા હૈ, ફૈંસલા જો મુશ્કિલ હો વહી બહેતર હોતા હૈ - **ફૈઝલ અમીરી**
- સંબંધ એ તો ગરજના પાટાપર ચાલતી રેલગાડી છે,
  સ્ટેશન આવે એટલે લોકો ઊતરી જ જવાના - **એસ. ભટ્ટાચાર્ય**
- શાકભાજી વેચતી એક દીકરીને પૂછ્યું બેટા 'પાલક' છે?
  દીકરી : સાહેબ 'પાલક' હોત તો શાકભાજી શું કામ વેંચુ? - **અમૃતબિંદુ**
- શાંતિથી વિચારજો. સમસ્યાઓને લીધે ચિંતા થાય કે સ્વભાવ જ ચિંતાવાળો છે ?
  એટલે ચારે બાજુ બસ સમસ્યાઓ જ દેખાય છે? - **નટવર દેસાઈ**
- ઈશ્વર ચિત્રમાં નહીં, ચરિત્રમાં વસે છે, આથી આપણા આત્માને જ મંદિર બનાવો - **જનકલ્યાણ**
- જેવી રીતે સ્વચ્છ દર્પણમાં મુખ ચોખ્ખું દેખાય છે એવી જ રીતે
  શુદ્ધ મનમાં જ્ઞાન પ્રગટ થાય છે - **શંકરાચાર્ય**
- આજનું ઔષધ : તુવેરની દાળનો સૂપ બનાવી તેમાં બે ચમચી જેટલું ઘી ઉમેરી પીવાથી માતાને ધાવણ વધે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજાના દરબારમાં એક વિદૂષક હતા. તેમણે કંઈક એવી રમૂજ કરી કે રાજાને અપમાન લાગ્યું. અને તેમણે વિદૂષકને લાફો મારી દીધો. વિદૂષક પણ રાજાને લાફો મારવા માગતો હતો પરંતુ એ જાનનું જોખમ હતું. એટલે એમણે રાજાની બાજુમાં ઊભેલા માણસને લાફો મારી દીધો. પેલો માણસ બોલ્યો. 'અરે ભાઈ, આ તમે શું કર્યું ? મેં તમને ક્યાં લાફો માર્યો છે?'

વિદૂષકે કહ્યું, 'તમે મારી સામે શા માટે દલીલ કરો છો? તમે પણ મારી જેમ તમારી બાજુમાં ઊભેલા માણસને લાફો મારી દો?' દુનિયા બહુ મોટી છે; ફરી લાફો પડે ત્યારે જોઈ લઈશું અત્યારે માથાકુટમાં સમય ન બગાડો અને લાફો આગળ જવા દો.

બીજાને આપતા રહો...'

સમાજમાં પણ આવું જ કંઈક ચાલેછે. બોસ દ્વારા અપમાનતિ પતિ જયારે ઘરે આવે છે ત્યારે પોતાની પત્ની ઉપર કોઈ કારણ વિના ગુસ્સે થાય છે. વાસ્તવિકતા એ છે કે તે પોતાના બોસ પર ગુસ્સો થયો છે. પરંતુ બોસ શક્તિશાળી છે તેને કંઈ પણ કહેવું ખતરનાક સાબિત થઈ શકે છે.

# સ્વાગતમ્ સ્વાગમત્ ૨૦૧૯

પૂર્વ અને પશ્ચિમ વચ્ચે વહેંચાયેલ પૃથ્વીમાં ભારત પૂર્વનું પ્રતિનિધિત્વ કરે છે અને યુરોપ-અમેરિકા પશ્ચિમનું. ઈસુનું નવું વરસ સૂર્યોદય સાથે શરૂ નથી થતું. એ મધરાતે પ્રગટે છે. દુનિયા આખી ઈસુની આણ માનતી હોય એમ ૩૧ ડિસેમ્બરની મધરાતે ૨૦૧૮ના વર્ષને વિદાય આપી ૨૦૧૯ના આગમનને વધાવી ચૂકી છે. તમે ચાની ચૂસ્કી સાથે 'ગાંધીનગર સમાચાર'નાં પાનાં ફેરવતા હશો ત્યારે નવા વરસને જન્મ્યે ઓછામાં ઓછા છ-સાત કલાક થઈ ગયા હશે. માનવીએ સમયને કૅલેન્ડર અને કલાકોમાં બાંધવાની કુચેષ્ટા ન કરી હોય તો આણા માટે બધા જ દિવસ સરખા હોત. ઋતુચક્ર મુજબ સૂરજ ઊગે છે એમ જ ઊગતો રહેત. પશુપંખી માટે કોઈ નવું વરસ નથી હોતું - હા, સૂર્યોદય સાથે નવા દિવસ જરૂર જન્મ લે છે અને સૂર્યાસ્ત સાથે દિવસ પૂરો થઈ રાત શરૂ થાય છે. માનવીની મર્કટબુદ્ધિએ જે કોઈથી ક્યારેય બાંધ્યો બંધાયો નથી એવા સમયને બાંધવાની હિંમત કરી છે. અલબત્ત, એ દુઃસાહસ છે. કૃષ્ણને કેદ કરવાની દુર્યોધન-ચેષ્ઠા જેવું જ ગાંડું પગલું. પરંતુ

**તંત્રીસ્થાનેથી...**

એવા ગાંડપણ વગર માનવીએ પ્રકૃતિ સામે આવડો મોટો પડકાર પણ શી રીતે ઊભો કર્યો હોત ? એટલે જે કંઈ થયું તે જ ઠીક - એવી દાદા ભગવાનની શીખ અંકે કરીને નવા વરસને વધાવીએ. આવા કૃતક આનંદ સાથે પણ બાકી રહેલી જિંદગી સુખ શાંતિથી જીવી શકાતી હોત તો એમાં ખોટું શું છે ? ૨૦૧૯નું વર્ષ ભારત માટે વિશેષ મહત્ત્વનું છે કારણ કે એ દરમિયાન આપણે આગામી પાંચ વર્ષ માટેના આપણા ચોકીદારો ચૂંટવાના છે. આ 'ચોકીદાર' શબ્દ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શોધ છે. એમણે પાંચ વરસ લગી કેવી ચોકીદારી કરી તેનું મતદાતાઓ પોતપોતાની સૂઝ-સમજ મુજબ મૂલ્યાંકન કરશે. બની શકે કે વર્તમાન ચોકીદારોને પાણીચું પકડાવી નવા ચોકીદાર નીમે. બનવાજોગ કે એ અખતરો સફળ નીવડે અથવા એણ પણ બને કે 'મેલ કરવતિયા મોચીના મોચી' જેવો રિપીટ - અભિગમ અપનાવે. ભારતના મતદાતા પરિપક્વ હશે તો એ યોગ્ય નિર્ણય કરીને જ જંપશે. ૨૦૧૯ના વર્ષ દરમિયાન ભારતનું અર્થતંત્ર અને વહીવટીતંત્ર સુધરે, મોંઘવારી કાબૂમાં રહે, બિનજરૂરી દેખાતા અને સ્વકેન્દ્રી પ્રચાર પાછળ પ્રજાનાં નાણાંના ધુમાડા ન થાય - એવી અપેક્ષા જરૂર રાખીએ. વર્ષાન્તે આંદામાન-નિકોબાર ટાપુઓનાં નામકરણ સુભાષચંદ્ર બોઝ જેવા લોકનાયક - રાષ્ટ્રનાયકની સ્મૃતિમાં બદલવામાં આવ્યા એમાં જો શુદ્ધ દેશદાઝ હોય તો એ જરૂર આવકાર્ય ગણાય. બધા જાણે છે કે સુભાષ બાબુ અને સરદાર પટેલને કોંગ્રેસ સાથે ઉગામવાનાં હથિયાર બનાવી દેવાયેલ છે. આગામી પાંચ વર્ષ દરમિયાન આવી કિન્નાખોરીનું રાજકારણ ન ચાલે એવી ઈશ્વરપુત્ર ઈસને અભ્યર્થના !

# જોય ઓફ ગીવીન્ગના અજવાળા રેલાયા...



અજવાળું - અજવાળું
તુષાર જોશી

'દીદી, તમારી પાસે જે કલર્સ પેનના આ સેટ છે, તેનો ઉપયોગ થઈ જાય પછી તમે મને આપશો ?' રવિએ એની સાથે અભ્યાસ કરતી સિનિયર છોકરી ઝીલને પૂછ્યું, અને ઝીલના મનમા વિચારો શરૂ થયા... કયા વિચારો ? શા માટે ? અને આખરે પરિણામ ? આવા પ્રશ્નો જવાબ મેળવવા માટે ઘટનાના મૂળ સુધી પહોંચવું જરૂરી છે.

અમદાવાદની પ્રતિષ્ઠિત એવી એક શાળામાં ધોરણ બારમાં ઝીલ અભ્યાસ કરે છે, ધોરણ પાંચમા હતી ત્યારથી જ એ આ શાળામાં દાખલ થઈ ગઈ હતી. અત્યાર સુધીના તમામ વર્ષોમાં ઝીલે ૯૦% કરતાં વધારે માર્કસ મેળવ્યા હતા. પરિણામે સાથી વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં એ લોકપ્રિય હતી. એના લોકપ્રિય હોવાનું એક બીજું કારણ આર્ટ એન્ડ ક્રાફટમાં સાહજિપણે કેળવેલી, નિપુર્ણતા પણ હતી. સ્વભાવે અંતર્મુખી, ઓછું બોલે, મરક મરક વધુ હસે, કોઈ સામે મળે તો હાય કે હાઉ આર યુ એમ બોલવા કરતા હસતા ચહેરે માત્ર હાથ ઊંચો કરે... સારા માર્કસ આવે છતાં એને સાયન્સમાં રસ નહિ એટલે કોમર્સ વિષય પસંદ કર્યો હતો.

એના પપ્પા રિઅલ એસ્ટેટ સાથે જોડાયેલા વ્યવસાયમાં એટલે એ સતત બીઝી અને મમ્મી એના ઘરકામમાં વ્યસ્ત. પરિક્ષાઓ નજીક આવતી ગઈ એમ એણ ભણવાની સાથે પ્રોજેક્ટ પુરા કરવાનું પણ મોટું કામ આવી પડ્યું હતું. ઘરે બેસીને જેટલું થાય એ તો એ કરતી જ, પરંતુ જે દિવસે શાળામાં સમય મળશે એવું લાગે એ દિવસો પ્રોજેક્ટ પેપર્સને કંપાસ, વિવિધરંગી કલરની જાતજાતની પેન અને કાતર ને ગમસ્ટીક.... ન જાણે કેટલું લઈને એ સ્કૂલે પહોંચતી અને સમય મળે ત્યારે પોતાનું કામ કરતી. આ કામમાં એની બેસ્ટ ફ્રેન્ડ સ્તુતિ પણ એની સાથે રહેતી કારણ કે એને પણ પોતાના પ્રોજેક્ટ પુરા કરવાના હતા.

દરેક શાળામાં શિયાળાની મૌસમ આવે એટલે પ્રવાસ - વાર્ષિક દિવસ અને સ્પોર્ટ્સ ડે ઉજવાય. એમની સ્કૂલમાં પણ વાર્ષિક દિવસની ઉજવણી થવાની હતી. છેલ્લું વર્ષ છે 'ચાલો એક-બે ડાન્સમાં ભાગ લઈએ' એમ કરીને બંને બહેનપણીઓએ પરફોર્મન્સમાં ભાગ લીધો હતો. સ્વાભાવિક રીતે એમની ટીમમાં અન્ય વર્ગોના વિદ્યાર્થીઓ પણ હતા. એમાંનો જ એક વિદ્યાર્થી એટલે નવમા ધોરણમાં ભણતો રવિ.

મૂળ સાણંદ તાલુકાના ગામડાનો છોકરો.... ભણવામાં હોંશિયાર એટલે પ્રાથમિક શિક્ષણ ગામડામાં પુરું કર્યું ત્યારે શિક્ષકોના માર્ગદર્શન હેઠળ અમદાવાદ ભણવા આવ્યો.

આરંભે પિતાએ થોડી બચન ખર્ચી અને થોડી મદદ શિક્ષકોએ કરી. પણ પછી શું ? એ સમયે ક્યાંકથી માહિતી મળી અને અમદાવાદની એક સામાજિક સંસ્થા, જે આવા વિદ્યાર્થીઓને ભણવા માટે જરૂરી તમામ પ્રાથમિક ખર્ચ આપતી હતી તેનો સંપર્ક થયો. સંસ્થાએ રવિને રહેવા - ભણવા અને ભોજનના તમામ ખર્ચની વ્યવસ્થા કરી આપી અને આમ એ ભણતો થયો...

અભ્યાસના ભાગ રૂપે એને પણ આવા પ્રોજેક્ટ એની કક્ષા મુજબ આવતા હતા. પોતાના પ્રોજેક્ટ માટે એ હાથમાં હોય એ જ સાધનોનો ઉપયોગ કરતો હતો. પ્રોજેક્ટ માટે આટલા બધા સાધનો અને આટલી વિવિધતા એના માટે કદાચ દુરની વાત હતી. ઝીલ અને સ્તુતિ જયારે એમના પ્રોજેક્ટ કરતા ત્યારે એ આવીને બેસતો, સાથે નાસ્તો પણ કરતા ત્રણે જતા... આમ થોડા નિકટતા કે દોસ્તી કેળવાઈ હતી. એમાં આજે ઝીલને પ્રોજેક્ટ પર કામ કરતી જોઈને રવિને લેખના આરંભે લખેલો પ્રશ્ન પૂછ્યો હતો.

ઝીલે પૂછ્યું કે કેમ ? ત્યારે રવિએ કહ્યું કે, 'મને આટલા મોંઘા કલર-પેન ખરીદવા ન પરવડે, તમારો પ્રોજેક્ટ પુરો થા પછી તમારે એ મહત્ત્વના ન હોય તો મને આપો તો હું પ્રોજેક્ટમાં ઉપયોગ કરી શકું...'

વાત વાતમાં ઝીલ અને સ્તુતિએ એના વિશે પુરી વાત જાણી ને ઘરે વાત કરી કે, 'એને માટે એક કલર સેટ કેટલો કીમતી છે, અમે તો જે જોઈએ એ કહીએ ને તમે લાવી આપો છો... આજે અમને જરૂરિયાતનું મહત્ત્વ સમજાયું છે...' બંનેના ઘરેથી પણ ઉત્સાહપૂર્વક પ્રતિસાદ મળ્યો - એને પ્રોજેક્ટનો તમામ સામાન ગિફ્ટમાં આપ્યો અને મનોમન નક્કી કર્યું કે ધોરણ બાર સુધીના એના તમામ પ્રોજેક્ટની આર્થિક જરૂરિયાતો આપણે આપીશું. બંને સખીઓના હૈયામાં Joy of Giving ના અજવાળા રેલાયા.



બાળપણમાં સાંભળેલા ગીતની પંક્તિ...

દીધું હોય તો દેતો જાજે
આપ્યું હોય તો આપજો જાજે.

# એક હી સફર મેં ખડે રહ ગયે, મહેમૂદો - અયાઝ ન કોઈ બંદા રહા, ઔર ન કોઈ બંદાનવાઝ



વિચારયાત્રા
ડો. જય ઓઝા

એક હી સફર મેં ખડે રહ ગયે, મહેમૂદો - અયાઝ ન કોઈ બંદા રહા, ઔર ન કોઈ બંદાનવાઝ

-વિચારયાત્રા

અંગ્રેજ કવિ ચોસરની પંક્તિ છે કે If Gold can Rust, what will Iron Do? જો સોનાને કાટ લાગી શકે તો લોખંડની શું હાલત થાય?

એક વેપારી ઈન્કમટેક્સ કચેરીમાં ગયો અને પ્રવેશતાવેંત ફરિયાદ કરી - 'સાહેબ, આ તમારા પટ્ટાવાળાને કંઈક કહો, અંદર આવવાના દસ રૂપિયા માંગતો હતો.' સાહેબે પટ્ટાવાળાને અંદર બોલાવ્યો અને કહ્યું, 'આ માણસને ધક્કા મારીને બહાર કાઢ.' પેલો વેપારી તો ગભરાઈ ગયો... અને કરગરવા લાગ્યો... 'સાહેબ આમા મારો શું વાંક...?' સાહેબે કહ્યું, 'જે વ્યક્તિ પટ્ટાવાળાને દસ રૂપિયા નથી આપી શકતો... તે મને શું આપવાનો હતો?'

એક બીજી કથા જોઈએ... એક દરજીને કપડું ચોરવાની ખૂબ આદત હતી. કોઈ પણ સારું કાપડ સીવવા આવે તો એમાંથી થોડુંક તો તફડાવી જ લે. એકવાર એ બીમાર પડ્યો... અને બિમારીમાં તેને ભયંકર સ્વપ્ન આવ્યું... એણે જોયું કે પોતે ખુદા પાસે પહોંચી રહ્યો છે, ત્યારે પોતે ચોરીના તમામ કાપડની ખુદાએ ઝંડીઓ બનાવી હતી. પોતે કરેલી ચોરી માટે તેને પારાવાર પસ્તાવો થવા લાગ્યો. તે સાજો થયા પછી તેણે મિત્રોને કહ્યું, 'હવે હું બિલકુલ કપડું ચોરવાનો નથી. છતાં પડેલી આદત ન જાય અને તમે મને કપડું ચોરતા જોઈ લો - તો માત્ર એટલી જ ચેતવણી આપવી કે, 'ઉસ્તાદ ઝંડી' અને હું સમજી જઈશ કે મારે કપડું ચોરવાનું નથી...'

એ પછી જયારે જયારે એ દરજીનો હાથ ચોરી માટે લલચાય ત્યારે ત્યારે સાથી મિત્રોની ચેતવણી સાંભળી પાછો અટકી જાય...એકવાર એવું થયું કે એક શ્રીમંત ગ્રાહક સૂટનું અફલાતુન કપડું લઈ સીવવા માટે આપી ગયો. દરજીની નિયત બગડી... એને થયું કે આમાથી તો મારા દીકરાનું શર્ટ બની જશે... દરજીએ જેવો કપડાં પર કાતરવાળો હાથ મૂક્યો કે તરત જ સાથીએ કહ્યું, 'ઉસ્તાદ ઝંડી'. ઉસ્તાદે ગુસ્સે થઈને જવાબ આપ્યો - 'યે હર પલ ઝંડી ઝંડી કયા લગા રખા હૈ?' રાસ્તે પર ઈતની સારી ઝંડીયા હૈ તો એક ઓર લગ જાયેગી.'

ખુલ્લે આમ લાંચ-રૂશ્વતનો માહોલ જામ્યો છે. ત્યારે આ કથા સૂચક બની રહે છે. કૌભાંડોના નામ બદલાતા રહે છે, પાર્ટીઓના નામ બદલાતા રહે છે પણ કૌભાંડ અટકતા નથી.

રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ કે સરકારી અમલદારો તો આ કળણમાં ખૂંપેલા છે જ. પરંતુ મારા-તમારા જેવા સામાન્ય માણસો પણ ક્યાંક ને ક્યાંક આમાં બંધ બેસીએ છીએ.

'સરકાર ભ્રષ્ટાચારથી ખદબદે છે', 'આખો સમાજ રૂશ્વતખોર બની ગયો છે.' જેવા આક્ષેપો આપણે ઉચ્ચારીએ છીએ ત્યારે આપણે બધાથી કંઈક ઊંચા હોઈએ તેવો ભાવ અનુભવીએ છીએ. પ્રામાણિક હોઈએ તેવી લાગણી અનુભવાય છે. કોઈની નિંદા કરવામાં સુખ એ છે કે આપણે આવા અવગુણોથી તદ્દન મુક્ત છીએ તેવા ભ્રમમાં રહી શકીએ છીએ...

આપણે બધા ભ્રષ્ટાચારની ઝાટકણી કાઢતા રહીએ છીએ... પરંતુ આપણે પણ તેનાથી ખરડાયેલા તો છીએ જ ને ! આપણે બધા પણ પેલા દરજીની જેમ 'આટલી બધી ઝંડીઓ છે તો એક વધુ' એમ કહીને પુરમાં તણાઈ જઈએ છીએ.

કવિ ઈકબાલના શબ્દો છે :

એક હી સફર મે ખડે રહ ગયે, મહેમૂદો - અયાઝ
ન કોઈ બંદા રહા, ન બંદા-નવાઝ

- ગુલામ અને માલિક બંને એક જ હરોળમાં ઊભા રહેવાના હોય છે અને ગુલામ અને માલિકનો ભેદ અલ્લાહના દરબારમાં નથી.. આ વાતને ભ્રષ્ટાચારના સંદર્ભે જોઈએ તો ગરીબ-તવંતર, જ્ઞાની-અજ્ઞાની બધા જ ભ્રષ્ટાચાર આચરવામાં સાથે છે... ઓછાવત્તા અંશે સહુ કોઈ ખરડાયેલા છે... જે વ્યક્તિઓને આપણે આદર્શ માનતા હોઈએ એ પણ જો કરપ્ટ નીકળે તો સામાન્ય મનુષ્યોને તો શું વાર લાગે !

આજનો યુગ ભ્રષ્ટાચારનો યુગ છે, એમ કહીએ ત્યારે આપણે એ યુગમાંથી બાકાત તો રહેતા જ નથી. જો દેશ ભ્રષ્ટાચારની ખીણમાં સરકતો જતો હોય, તો તેમાં કદાચ આપણે ધક્કા નહીં માર્યા હોય પણ પડતો રોકવા પ્રયત્ન પણ નથી કર્યા અને અસહાય પણ તેને પડતો જોઈ રહ્યા છીએ.... આ પણ આપણો પરોક્ષ ફાળો જ છે ને!

શાસ્ત્ર અને સત્પુરુષોની વાણી અને તેમના કથનનો અર્થ આપણી રીતે જ તારવી લઈએ છીએ... કૃષ્ણ-રામની કહેલી વાતો ને એ જ અર્થમાં ક્યારેય આપણે સમજ્યા છીએ ખરા ! અરે ભગવાનની વાત બાજુ પર મૂકી તો ગાંધીજી કે વિનોબા ભાવે જેવા સત્પુરુષોએ જ કહ્યું તે પણ સાચી રીતે સમજવાનો પ્રયત્ન કર્યો છે ખરો ! જો કર્યો હોત તો ગાંધીજીના - So called અનુયાયીઓના ટોળેટોળા ભ્રષ્ટાચારમાં ખદબતા ન હોત....


ગાંધીજીએ કહ્યું, 'પ્રજાના પૈસો આપણે પૈસો હોય તેવી ચીવટથી વાપરવો જોઈએ.' આ વાતને બધા જ ગાંધીવાદીઓએ અપનાવી લીધી છે. પણ પોત-પોતાના અર્થમાં!!

હાસ્યકવિ શૈલ ચતુર્વેદીની આ રચના અત્યારની સામાજિક વિષમતા રજૂ કરી શકશે...

**બજારનો આ હાલ છે**
**કે ગ્રાહક પીળો**
**પણ દુકાનદાર લાલ છે...**
**દૂધવાળો કહે છે કે -**
**દૂધમાં પાણી શું કામ છે એ**
**ગાયને પૂછો -**
**ગાય કહે - પાણી પી રહી છું**
**પાણી જ આપું ને....**
**દૂધવાળો મારો પ્રાણ લે છે**
**હું તમારો લઈશ...**
**માણખવાળો કહે છે.**
**'બાબુજી આ માખણ છે**
**ખાવા માટે નથી - પણ લગાવવા માટે છે**
**જે લગાવી જાણે છે**
**એને ઉપરવાળો પણ માને છે.'**

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# અટલજી લિજ્જતદાર ખીચડી બનાવતા : સરસ્વતી પુત્ર અટલજીની જાણી અજાણી વાતો



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

**જુલાસાતા જેઠ માસ, શરદ ચાંદની ઉદાસ ;**
**સિસકી ભરતે સાવન કા, અંતર્ઘટ રીત ગયા ;**
**એક બરસ બીત ગયા, સીકચો મે સિમટા જગ ;**
**કિંતુ વિફલ પ્રાણ વિહગ, ધરતી સે અંબર તક ;**
**ગુંજ મુક્તિ ગીત ગયા, એક બરસ બીત ગયા ;**
**પથ નિહારતે નયન, ગિનકો દિન પલ છિન ;**
**લૌટ કભી આયેગા, મન કા મીત ગયા ;**
**એક બરસ બીત ગયા...**

જ્યારે જ્યારે નવા વર્ષની શરૂઆત થતી હોય ત્યારે અટલજીની આ અદભુત રચના હર હંમેશ સ્વાભાવિક રીતે જ યાદ આવી જાય. ૧૯૨૪માં ડિસેમ્બર તા. ૨૫ના રોજ જન્મેલા અટલ બિહારી વાજપેયીજીની ગત સપ્તાહમાં જ જન્મજયંતિ ગઈ. હિન્દુસ્તાનમાં સરસ્વતિ પુત્રનો જન્મદિન 'સુશાશન દિવસ' તરીકે આખો દેશ ઉજવે છે. એવું તો શું હતું આ કૃષ્ણાદેવી અને કૃષ્ણ બિહારી વાજપેયીના સાત સંતાનોમાંના આ એક સંતાનમાં કે, એમને આખો દેશ આદર સાથે સ્નેહ આપે છે ? અને જ્યારે ઓગષ્ટ-૧૬, ૨૦૧૮માં અટલજી અનંતની સફરે ચાલી નિકળ્યા ત્યારે આખો દેશ ચોધાર આંસુએ રડ્યો. શું એ ભારતના એક બહુ મોટા નેતા હતા એટલે, કે પછી પારવફુલ વ્યક્તિ હતા એટલે દેશ શોકમાં સરકી ગયો કે પછી ભારતના પૂર્વ પ્રધાનમંત્રી હતા એટલે, સત્તા પક્ષના શિર્ષસ્ત નેતા હતા એટલે લોકો રડ્યા ! ના. ભારતની જનતાની વ્યથિત થવાની ગ્રેવીટી આટલી હોવાનું કારણ આમાંથી એક પણ ન હતુ. હિન્દુસ્તાનના આવામને તો અટલજીના રૂપમાં મળેલાં એક સીધા સાદા કલ્પનાશીલ કવિ હૃદયના ઉત્તમ વિચારક, સર્જક અને વકતા ગુમાવ્યાનું જબરજસ્ત દર્દ હતું. એ એવા સરળ વ્યક્તિ હતા કે, એક બાળકને પણ એમને મળતા સંકોચ ન થતો.

અટલજી ગુસ્સામાં કશું કહે તો પણ એમની વાણીની મૃદુતા પ્રેમ કરતાં હોય એવી લાગતી. એ એક એવું વિશાળ હૃદય ધરાવતા કે, દુશ્મનને પણ પ્રેમથી ગળે મળી શકતા. એમની આંખો નાના બાળક જેવી નિર્મળ અને સ્વચ્છ હતી. કદાચ એટલે આખા હિન્દુસ્તાનના પ્રત્યેક વ્યક્તિના એ હૃદય સમ્રાટ બની એમના દિલો દિમાગ ઉપર રાજ કરતા હતા.

ગ્વાલિયરની લક્ષ્મીબાઈ કોલેજ કે જે એ જમાનામાં વિક્ટોરીયા કોલેજ તરીકે ઓળખાતી, એમા અટલજી અભ્યાસ કરતા એ વખતની વાત છે. ધોરણ પાંચમાં હતા ત્યારે શાળાની વક્તૃત્વ સ્પર્ધામાં અટલજીએ ભાગ લીધો. આગલી રાત્રે તેમણે એમના તર્ક એક કાગળમાં લખીને ગોખી નાખ્યા. બીજા દિવસે જ્યારે બોલવા ઊભા થયા ત્યારે એ ગોખેલું ભુલી ગયા. બસ, એ દિવસે બાળ અટલે નક્કી કરી લીધું કે, હવે ક્યારેય એ ગોખેલી વાત જાહેર વક્તવ્યમાં નહીં બોલે. અને પછી જન્મ થયો દેશના પ્રખર વકતા, ચિંતક અને શબ્દોના સ્વામી અટલ બિહારી વાજપેયીનો.

નાનાજી સાથેની એમની પ્રથમ મુલાકાત પણ અનાયાસે થઈ હતી. અટલજી મોટાભાઈના લગ્નમાં અણવર બનીને ગોરખપુર ગયા હતા. લગ્ન વેળા એમનો પરિચય જનસંઘના આધાર સ્તંભ અને પ્રખર રાષ્ટ્રવાદી નાનાજી દેશમુખ સાથે થયો. એ મુલાકતમાં નાનાજીના વિચારોની અટલજી ઉપર અસર થઈ હતી. ત્યાર બાદ ૧૯૩૯માં અટલજીએ જનસંઘની વિચારધારા અપનાવી. ઈતિહાસ ગવાહ છે કે, ગાંધીજીની 'હિંદ છોડો' ચળવળમાં પણ યુવા અટલે સક્રિયતા દાખવી હતી. પરિણામે આગ્રાની જેલમાં ૨૪ દિવસ 'બચ્ચા સેલ'માં એમને રહેવું પડ્યું હતું.

અટલજી ગ્વાલિયરની કોલેજમાં કાયદાનો અભ્યાસ કરવા ગયા તો ખરા પણ એ કાયદા સ્નાતકનું ભણવાનું વચ્ચેથી છોડીને વિનયન અનુસ્નાતક બન્યા. ૧૯૪૮માં આઝાદીની ચળવળ એના ચરમ ઉપર હતી ત્યારે અટલજીએ વારાણસીના 'સમાચાર' નામના એક અખબારમાં પત્રકાર તરીકે પણ અસરદાર કામ કર્યું હતું.

કોમળ હૃદય ધરાવતા અટલજી હંમેશા કહેતા કે, 'મેરે પ્રભુ, મુઝે ઈતની ઊંચાઈ કભી મત દેના, ગૈરો કો ગલે ના લગા શકું એસી રૂખાઈ કભી મત દેના...' અટલજી એક અચ્છા કુક પણ હતા. ૧૯૫૦ની વાત છે. દિલ્હીમાં અટલજી અને અડવાણીજી એક સાથે એક જ રૂમમાં રહેતા. અટલજી ઘણીવાર લિજ્જતદાર ખીચડી રાંધતા અને અડવાણીજી સાથે બન્ને જણા એ ખીચડી આરોગતા. રોજ રાત્રે હુંફાળુ દૂધ પીવાનું અટલજીને ખૂબ ગમતું. એ શોખથી રોજ રાત્રે ગરમ દૂધ પીતા. વાદળી-નીલો રંગ એમને ખૂબ પ્રિય. મનાલી, અલ્મોડા અને માઉન્ટ આબુ એમના પસંદગીના પર્યટન સ્થળ રહ્યાં છે.

અટલજી શબ્દોના સ્વામી તો હતા જ સાથે સાથે સંગીતના પણ જબરા શોખીન હતા. ૧૯૭૫માં આવેલી ફિલ્મ ખુશ્બુનુ 'ઓ માઝી રે અપના કિનારા નદિયા કી ધારા હૈ...' ગીત એમને ખૂબ ગમતું. ગુલઝાર સાહેબની અદભુત શબ્દરચનાને પંચમદાએ (આર.ડી. બર્મન) સંગીત મઢેલુ. આ ગીતને જ્યારે કિશોર'દાએ સ્વરબદ્ધ કર્યું પછી પંચમદા ખુબ જ ભાવવિભોર બની ગયા હતા. બર્મન'દાને હદયમાં ઉંડે સુધી એટલી બધી અસર થઈ ગઈ કે, દીવાલ ઉપર હાથ પછાડી પછાડીને નાના બાળકની જેમ એ ધ્રુસકે ને ધ્રુસકે રડ્યા હતા.

'ટુટે હુએ સપનો કી કૌન સુને સિસકી, અંતર કી ચીર વ્યથા પલ કો પર ઠિઠકી, હાર નહી માનુંગા, રાર નહીં ઠાનુંગા, કાલ કે કપાલ પે લિખતા મિટાતા હું, ગીત નયા ગાતા હું...' જેવી અમર રચનાથી જિંદાદિલ મિજાજનો પરિચય કરાવતા અટલજીને ૧૯૯૨માં પદ્મ વિભુષણથી સન્માનિત કરવામાં આવ્યા. મજબૂત મનોબળવાળા અટલજીએ ભયંકર આંતરરાષ્ટ્રીય દબાણ વચ્ચે પોખરણમાં અણુ ધડાકો કરી વિશ્વને હિન્દુસ્તાનની લશ્કરી તાકાતથી અવગત કર્યું. ૧૯૯૯માં કારગીલમાં પાકિસ્તાનીઓને ખદેડી 'ઓપરેશન વિજય' પાર પાડનારા મુત્સદ્દી સ્ટેટસમેન તરીકે અટલજી દુનિયાભરમાં છવાઈ ગયા હતાં.

દરેક ભારતીયની છાતી ગજ ગજ ત્યારે ફુલી કે, જ્યારે ૧૯૭૭માં અટલજી વિદેશ મંત્રી હતા ત્યારે એમણે સંયુક્ત રાષ્ટ્રની મહાસભામાં હિન્દીમાં વક્તવ્ય આપ્યું. આ એ વ્યક્તિ હતા કે, જેમણે આંતરરાષ્ટ્રીય ફલક ઉપર વિશ્વ સમસ્તમાં રાષ્ટ્રભાષાનું માથું ગૌરવભેર ઊંચુ કર્યું. સંયુક્ત રાષ્ટ્રની મહાસભામાં હિંદુસ્તાનના કોઈ રાજપુરૂષે રાષ્ટ્રભાષામાં સંબોધન કર્યું હોય એવો આ સૌ પ્રથમ કિસ્સો હતો. દેશના લાખો ગામોને સડક પરિવહનથી જોડીને ગ્રામ્ય જીવનમાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક બદલાવ માટે 'પ્રધાનમંત્રી ગ્રામ્ય સડક' યોજનાનો નક્કર પાયો નાખનાર અટલજી જ હતા.

પ્રખર રાષ્ટ્રભક્ત, ભાષા અને વાણી ઉપર જબરજસ્ત પક્કડ ધરાવતા અટલજીની પ્રખર રાષ્ટ્રભક્તિ એમની રચના 'ભારત જમીન કા ટુકડા નહીં, જીતા જાગતા રાષ્ટ્રપુરુષ હૈ...'માં સુપેરે અભિવ્યક્ત થાય છે. મજબૂત મનોબળના સ્વામી અટલજી કહેતા કે, 'બાધાયેં આતી હૈ તો આયે, ઘિરે પ્રલય કી ઘોર ઘટાયેં, પાવોં કે નીચે અંગારે, સિર પર બરસે યદી જ્વાલાયેં, નિજ હાથો મેં હંસતે હંસતે આગ લગાકર જલના હોગા, કદમ મિલા કર ચલના હોંગા...' સાક્ષાત 'સરસ્વતી પુત્ર'ને ભારતના બીજા એક પૂર્વ પ્રધાનમંત્રી ચંદ્રશેખરજી 'ગુરુદેવ' કહેતા. કવિ હૃદય, કલ્પનાશીલ વ્યક્તિત્વ અને અટલ મનોબળ ધરાવતા મુઠ્ઠી ઊંચેરા વાજપેયીજીને એમની જન્મ જયંતિના અવસરે અને નવા વર્ષના આગમન વેળાએ એમની જાણી અજાણી વાતો મમળાવીને શત શત વંદન. સ્નેહાળ, મૃદુ, લાગણીશીલ, સારસ્વત, કલ્પનાશીલ, નિડર લીડર, પરિશ્રમી, પ્રખર રાષ્ટ્રભક્ત, અજાતશત્રુ, ચિંતક, વિચારક વગેરે જેવા વિષેશણોથી અટલજીને નવાજવામાં આવે ત્યારે એ વિષેશણોની ગરીમા ઉચકાતી હોય છે. અટલજી દેશના એક કુશળ પ્રધાનમંત્રી ઉપરાંત તેમની પ્રભાવશાળી વાણી, મેઘાવી વિચારધારા, પ્રબુધ્ધ વ્યક્તિત્ત્વ, ખુશ મિજાજ સ્વભાવ, વાત્સલ્યપૂર્ણ વ્યવહાર, સહજ વર્તન અને સાહિત્ય સર્જક તરીકે પ્રત્યેક ભારતવાસીઓના દિલો દિમાગમાં રહ્યાં છે અને સદાય રહેશે. પ્રતિવર્ષ નવા વર્ષે અટલ વિશ્વાસ સાથે અટલ વિચારો વાંચી, સમજી અને આગળ વધવા સંકલ્પબદ્ધ બનવાની ઈચ્છા થઈ આવે ત્યારે વાજપેયીજીના અદભુત વ્યક્તિત્વને સાચી ભાવાંજલી અને સ્નેહ આપ્યો કહેવાય. વર્ષ ૨૦૧૮ને 'ગુડબાય' અને વર્ષ ૨૦૧૯ને 'વેલકમ'.

**ધબકાર**

**'મેં જી ભર કે જીયા, મૈં મન સે મરું, લૌટ કર આઉંગા, કૂચ સે ક્યોં ડરું...'**

**- અટલ બિહારી વાયપેયી**